સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

'બીજા નંબર' બંનેની આંખમાં ખટકે છે,
બેઠા છે 'કીડી' બની સંઘના ટેકે - ચટકે છે.
લટકે છે સિપાઈ બનીને સેનાપતિ છે છતાં -
છે પર્વત - ધારે, કોણ-જાણે કયારે પટકે છે?!

હાઈકુ

વિશ્વ દર્શન -
શરૂ થઈ ગઈ છે -
બીજી ઈનીંગ...
(અધૂરો એજન્ડા)

આ યોગ ગુરુ !
નમાવશે વિશ્વ ને -
ઉંધા મસ્તકે...
(શીર્ષાસન...)

ચિંતન

વિજ્ઞાનસારથિર્યસ્તુ મનઃ પ્રગ્રહવાન નરઃ ।
સોઽધ્વનઃ પારમા પ્રોતિ તદ્બિષ્ણોઃ પરમ્ પદમ્ ॥

ઉપરોક્ત શ્લોક કઠોરનિપદમાંથી લેવામાં આવેલ છે.

વિવેકરૂપી બુદ્ધિ જેનું સારથિ કર્મ કરે છે અને મનની લગામને જે વશમાં રાખે છે તેનો રથ માર્ગ પરથી સૂપેરે પસાર થઈ જાય છે અને તે વિષ્ણુપદ ને પ્રાપ્ત કરે છે.

આપણો જીવન રથ જે માર્ગ પર દોડે છે તે માર્ગ સહજ નથી. આ માર્ગ પસાર કરવા માટે રથનો સારથિ કુશળ હોવો જોઈએ. આ કુશળતા બે રીતે પ્રાપ્ત થાય છે. સારથિમાં વિવેક બુદ્ધિ હોવી જોઈએ. આ વિવેકબુદ્ધિ એટલે રથ ક્યાં અને કેમ ચલાવવો, કયા ઘોડાને પૂરપાર દોડાવવા અને ક્યાં ધીમાં પાડવા આ સમજદારી સારથિમાં હોવી જોઈએ. જીવનમાં મન અત્યંત વેગવાન અને સમર્થ છે. મનના ઘોડાઓને વશમાં રાખવા એ બહુ કઠણ કામ છે.

આ મનના ઘોડાને વશમાં રાખવાનું કામ વિવેકરૂપી સારથિનું છે. જો સારથિના હાથ એવા મજબૂત ન હોય કે જેનાથી એ ઘોડાની લગામ પકડી ન શકે તો જીવનયત્રાનો રત પણ ગંતવ્ય સ્થાને સૂપેરે પહોંચે નહીં.

સુવિચાર

- બાળકોને માબાપના સંસ્કારની જ પહેલી જરૂર છે, એટલે એના માટેની પહેલી 'નર્સરી' ઘરમાં હોવી જોઈએ - **દાદા ભગવાન**
- તું તીરથ તીરથ દોડે છે, નદીઓમાં કાયા ઝબોળે છે, કીધાં પાપનો જો પશ્ચાતાપ નથી, તું ફોગટ જનમ ગુમાવે છે - **હરિભાઈ કોઠારી**
- શરીરે આત્માને પકડી રાખ્યો નથી. આત્માએ શરીરને 'અહમ' ગણી પકડી રાખ્યું છે એ 'અહવ-ભાવ' છૂટે તો આત્મા પકડાય અનુભવાય - **કઠોપનિષદ**
- વ્યક્તિ સંતોષ સાથે સૂઈ જાય અને સવારમાં ઉત્સાહ સાથે જાગી જાય તો એ વ્યક્તિ આધ્યાત્મિક છે - **મોરારિ બાપુ**
- બીજાને અગવડરૂપ હોય, તેવા જીવનના રસ્તા પર પડેલાં કાંટા વીણતા શીખવે એ જ સાચી કેળવણી - **મનુભાઈ પંચોળી**
- ભૌતિકવાદી ને ગુરુ બદલવો છે, પોતાનો મંત્ર બદલવો છે, પણ પોતાને નથી બદલવો - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : કોઈ પણ કઠોળનો ઘાટો સૂપ બનાવી તેમાં સરખું ઘી નાખી પીવાથી માતાને ધાવણ વધે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

સ્વામી વિવેકાનંદ જર્મની ગયા હતા. ત્યાં એક જર્મન ચિંતક સાથે ચર્ચા થઈ. જર્મન ચિંતકે કહ્યું, 'પેન્સિલ અને રબરનો ઉપયોગ જ નાના બાળકોને ન કરવા દેવો જોઈએ. કારણ કે પેન્સીલથી લખેલું, રબરથી ભૂંસી શકાય છે, એનો અર્થ એ કે ભૂલ થાય તો વાંધો નહીં, રબરથી ભૂંસી નાખશું આવી વાત બાળકના મનમાં બેસી જાય કે ભૂલ તાય તો ચાલે.' સ્વામીએ કહ્યું, 'મારા મત મુજબ પેન્સિલ - રબરનો ઉપયોગ કરવા દેવો બાળકો માટે જરૂરી છે. જેમ પેન્સિલથી લખવામાં કોઈ ભૂલ થાય તો રબરથી ભૂંસી શકાય છે અને થયેલી ભૂલને સુધારી શકાય છે... જેને પોતાની ભૂલની ખબર પડે છે અને જે પોતાની ભૂલ સુધારવા માગે છે તેને રબર સાથ આપે છે. કોઈ પણ ભૂલ એવી નથી કે જે ભૂલ થઈ છે તે સ્વીકારી... સુધારવાની ઈચ્છા હોય તો સુધારી ન શકાય રબર સૌથી જરૂરી છે અને ઉપયોગી છે.' સ્વામીએ આગળ કહ્યું, 'પેન્સિલથી લખવામાં થયેલી ભૂલ ને રબરથી ભૂંસીને સુધારી શખાય છે તેમ જીવનમાં... સંબંધોમાં થયેલી ભૂલને માફીનું રબર વાપરીને કે પ્રેમપૂર્ણ વ્યવહારથી હંમેશા સુધારી શકાય છે. માટે જે ભૂલ કરે તેના માટે રબર નથી. જે ભૂલ સુધારવાની ઈચ્છા અને હિંમત રાખે તેને સાથ આપવા માટે રબર છે. વળી રબરનાં સ્વરુપો ભલે બદલાતા રહે છે પણ ઉપયોગ થાય છે ભૂલ સુધારવા માટે જ.' સૌએ સ્વામી વિવેકાનંદની રજુઆત તાળીઓથી વધાવી લીધી.

સતર્કતા ફળી - સંકટ ટળ્યુ

તંત્રીસ્થાનેથી...

ધોમધખતા જૂન માસમાં વરસાદનાં અમી છાંટણાં તો સૌને આવકારદાયક લાગે, પરંતુ એ વરસાદ જયારે બિહામણા ચકવાતના છડીદાર તરીકે વરસે ત્યારે જીવ અધ્ધર થઈ જાય. સમુદ્રને કાંટે વસતી પ્રજા 'દરિયાલાલ' કે 'દરિયાદેવ' તરીકે ભૂજે છે. સમુદ્ર એમની ભૂખ ભાંગે છે, રોજગાર પૂરો પાડે છે. સમુદ્ર એક દેશને બીજા દેશ સાથે જોડે છે. એ વહાણવટા માટેની પીઠિકા પૂરી પાડે છે. પરંતુ એ જ સમુદ્ર જયારે તોફાને ચડે છે ત્યારે વિકરાળ કાળ જેવો બની જતો હોય છે. કંઈ કેટલીય હોડીઓ એના ઉદરમાં ઓરાઈ જાય છે. આધુનિક વિજ્ઞાને સમુદ્રને સાંગોપાંગ તપાસ્યો છે, એનું નખશિખ 'શવચ્છેદન' કરીને કયારે એ ગાંડોતૂર બનશે અને કયારે ડાહ્યોદમરો બની રહેશે - સલામત રહેશે એનું પણ પૂર્વાનુમાન હવામાન વિભઆગ કરી શકે છે. સદ્‌ભાગ્યે કચ્છના વિનાશકાર ભૂકંપ પછી ગુજરાત સરકાર આવી કુદરતી આફતો પરત્વે સવિશેષ જાગ્રત બની છે. થોડા વખત અગાઉ ઓડિશાના માથે આવી વાવાઝોડાની આફત આવી હતી. એ આફતમાંથી ઓડિશા જેવા દેશના સૌથી પછાત ગણાતા રાજયનું વહીવટીતંત્ર આબાદ રીતે પ્રજાને લેશ પણ તકલીફ ન પડે એવી વ્યવસ્થા અને સુરક્ષા ઉપલબ્ધ કરાવીને દાખલો બેસાડી શકતું હોય તો ગુજરાત તો સર્વગુણસંપન્ન અને પ્રતિભાવંત પ્રદેશ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દિલ્હી બેઠાં બેઠાં રાજયની સ્થિતિનું સતત અને સઘન મોનિટરિંગ કરી રાજયના લોકપ્રિય મુખ્યમંત્રી અને એમની ટીમનો ઉત્સાહ વધાર્યો છે.

સદ્‌ભાગ્યે 'વાયુ' ના હુલામણા નામે ઓળખાતું આ વાવાઝોડું ગુજરાતના દરિયા કિનારે આવતાં આવતાં ધીમું પડી ગયું છે અને ફંટાઈ ગયું છે એટલે જે ભારે તબાહીની દહેશત હતી તે ટળી ગઈ છે. નહીંતર ગુજરાત સરકારે તો કોઈ પણ પ્રતિકૂળ સંજોગોને પહોંચી વળવાની તૈયારી રાખી જ હતી.

'વાયુ'ની ફળશ્રુતિ રૂપે સૌરાષ્ટ્ર અને દરિયાકાંઠાનાં વિસ્તારોમાં ધોધમાર વરસાદની સંભાવના છે પરંતુ પહેલાંથી જ અગમચેતીનાં પગલાં લીધેલ હોઈ જાનહાનિ કે અન્ય પ્રકારના વધુ પડતા નુકશાનની શક્યતા નથી. હા, વૃક્ષો પડી જતાં અથવા ઘરોનાં છાપરાં ઊડી જતાં હડફેટે ચડનારા કમસનીબ જીવોને કદાચ ખતરો હોઈ શકે છે. આખરે કુદરતના કેર સામે માનવીએ એના ફળદ્રુપ ભેજાની મદદથી એક જબરી ઢાલ રચવામાં તો સફળતા મેળવી જ છે. એ સાચું કે માનવી આવી કુદરતી આફતો આવકી કે સરજાતી તો રોકી શકવા સમર્થ નથી, પરંતુ એ આફતો વખતે શી રીતે બચી શકાય એટલો કીમિયો તો એના આગોતરા અણસાર પામવાની કળા અને વિજ્ઞાન વિકસાવીને એણે શોધી જ કાઢ્યો છે. ગુજરાત એટલું પુણ્યશાળી રાજય છે કે દેશનો સૌથી લાંબો દરિયાકાંઠો ધરાવતું હોવા છતાં એને સુનામી જેવી આફતનો ભોગ નથી બનવું પડ્યું અને વાવાઝોડાં આવતાં જરૂર રહ્યા છે પણ ઝાઝું નુકશાન કર્યા વિના ફંટાતાં રહ્યાં છે!

ભીમ અને હેમ

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

પાંડુપુત્ર ભીમ કિશોરવયનો હતો. એનાથી ભૂખ સહન ન થાય. એનો જઠરાગ્નિ પ્રદીપ્ત. એના ઉદરમાં વૃક નામનો અગ્નિ. લોકો એને વૃકોદર કહે. અગિયારસ આવે એને એને તકલીફ થાય. માતા કુન્તી સૌ ભાઈઓ સાથે એને પણ ઉપવાસ કરાવે.

એકવાર મહામુનિ વેદવ્યાસ એમના અતિથ બન્યા. તેઓ આ પરિવારના



પિતામહ પણ ખરા. અવકાશ મળ્યો, એટલે તરત જ ભીમ એમની પાસે પહોંચી ગયો અને પોતાની સમસ્યા રજૂ કરી.

'દરેક એકાદશીએ ઉપવાસ કરવાનો ? માત્ર પૂજાપાઠ અને દાનક્રિયાથી પુણ્યપ્રાપ્તિ ન થાય ?' ભૂખ્યા ન રહેવાથી એકાદશી ન ફળે ?

પિતામહે જવાબ આપ્યો - 'વત્સ ! એનો ઉપાય છે. હવે જેઠ સુદ અગિયારસ આવશે. આ અગિયારસ કરવાથી સમગ્ર વર્ષની કોઈ અગિયારસ તારે કરવાની નહી રહે. બધીનું પુણ્ય માત્ર આ એક કરવાથી મળી રહેશે. પણ એ આ એકાદશી આકરી છે. તારે આ દિવસે ખાવાનું તો નહિ જ. પરંતુ પાણી પણ નહિ પીવાનું. સ્નાન કરતી વખતે પાણી મુખ માં જાય, તો વાંધી નહિ. પૂજા સમયે આચમનીમાં જે પાણી હોય તે લઈ શકાય. બીજે દિવસે બારશ હોય. તે દિવસે સવારે સ્નાન પૂજા થઈ જાય, દાન દક્ષિણા થઈ જાય, પછી અન્ન ગ્રહણ કરવાનું.'

ભીમને આ ઉપાય ગમી ગયો. એણે પિતામહને પ્રણામ કર્યા. મનોમન દૃઢ સંકલ્પ કરી લીધો. પ્રબળ ઈચ્છાશક્તિ એની સાથે જોડી દીધી વેદવ્યાસના આદેશનું અક્ષરશઃ પાલન કર્યું. અન્ન ન લઈધું. સૂચના મુજબ જળ ન લીધું. બારશના દિવસે સ્નાન પૂજા અને દક્ષિણા દાન પછી પારણા કર્યા. આ એકાદશીએ જળ પણ ન લીધું. એટલે આ નિર્જળા એકાદશી થઈ અને ભીમ સાથે જોડાઈ ગઈ, એટલે ભીમ એકાદશઈ થઈ ગઈ.

ભગવાન શંકરનાં નામોમાં એક 'ભીમ' છે. હિમાલયને ઈશાન ખૂણે અલકા નગરી અને એમાં કુબેર આ યક્ષોની નગરીમાં રાજા હતા. શિવજીના પરમ ઉપાસક હતા. એનો નિત્યક્રમ - રોજ પ્રાંતઃકાળે પૂજા કરે, ત્યારે માનસરોવરમાંથી ચૂંટાયેલાં તાજાં ફૂલોથી પૂજા કરે - આ ફૂલો લાવવાનું કામ એક યક્ષ કરતો. એનું નામ હેમ હતું.

એકવાર આશ્ચર્ય થયું. નિત્યક્રમ હતો, પણ હેમ પુષ્પો લઈને આવ્યો નહિ અને પૂજાનો સમય વીતી ગયો. એણે તપાસ કરાવી, તો ખબર પડી - 'હેમની પત્નીનું નામ વિશાલલક્ષ્મી હતું. હેમ આ સૌંદર્ય સંપન્ન પત્ની સાથેના આનંદપ્રમોદમાં સમય ભૂલી ગયો.' કુબેરે આ કર્તવ્ય ભંગને સહી ન શક્યા. ફરજ ચૂકે, તો સજા હોય જ. એણે હેમને શાપ આપ્યો - 'જા, તુ પત્નીથી વિખૂટો પડી જઈશ અને તને કુષ્ટરોગ થઈ જશે.'

હેમ દુઃખી દુઃખી થઈ ગયો. એ હિમાલયની તળેટીમાં આવ્યો. અહીં મહર્ષિ માર્કન્ડેયનો આશ્રમ હતો. હેમ એને શરણે ગયો. પ્રણાણ કરીને, રડવા લાગ્યો. જે કાંઈ બન્યું હતું, એનું અક્ષરક્ષઃ નિરુપણ કર્યું. મુનિ એની સત્યનિષ્ઠાથી પ્રસન્ન થયા. હેમ એ વિનમ્ર ભાવે ઉપાય પૂછ્યો. મુનિએ કહ્યું, 'પત્ની સત્ય નિષ્ઠાથી હું પ્રસન્ન છું, હવે જેઠ વદ એકાદશી આવશે, તે શ્રદ્ધાંપૂર્વક કરજે.'

આ એકાદશી આવી. હેમ એ ઉપવાસ અને પૂજન સાથે એકાદશી કરી. એને સુખદ આશ્ચર્ય થુયં. કુષ્ટરોગ મટી ગયો. વિશાલલક્ષ્મી સાથે મિલન થયું. કુબેરે એને સહર્ષ સ્વીકારી લીધો. આ જેઠ વદ એકાદશી હતી. એક યોગપુરુષ એકાદશી યોગિની એકાદશી થઈ ગઈ.

વિશ્વનું સૌ પ્રથમ બંદર કયા સ્થળેથી મળી આવ્યું?

ગુજરાતનો ઈતિહાસ

૧ ગાંધીજી કોનો કેસ લડવા માટે પ્રિટોરિયા ગયા હતા ?
(અ) શેઠ અબ્દુલ્લાનો (બ) શેઠ ગનીખાનનો
(ક) રૈયત અલીનો (ડ) ગીરમીટીયાઓનો

૨ દક્ષિણામૂર્તિ સંસ્થાની સ્થાપના કોણે કરી હતી ?
(અ) બાબુભાઈ દેસાઈ (બ) જુગતરામ દવે
(ક) નાનાભાઈ ભટ્ટે (ડ) મનુભાઈ પંચોળી

૩ મહંમદ બેગડાએ જૂનાગઢના કયા રાજાને હરાવ્યો હતો ?
(અ) રા'નવગણ (બ) રા'માંડલિક
(ક) જયસિંહ (ડ) મૂળરાજ સોલંકી

૪ વિશ્વનું સૌ પ્રથમ બંદર કયા સ્થળેથી મળી આવ્યું ?
(અ) ધોલાવીરા (બ) કંડલા
(ક) લોથલ (ડ) જૂનાગઢ

૫ નાગાર્જુને સૌરાષ્ટ્રમાં કયું નગર વસાવ્યું ?
(અ) વલભીપુર (બ) ધોળકા
(ક) શિહોર (ડ) પાલિતાણા

૬ પારસીઓ સૌ પ્રથમ કયાં ઉતર્યા હતા ?
(અ) દીવ (બ) દમણ
(ક) ગોવા (ડ) સુરત

૭ તાના-રીરી કન્યાઓ સાથે કયું શહેર જોડાયેલું છે ?
(અ) વિસનગર (બ) વડનગર
(ક) સિદ્ધપુર (ડ) પાટણ

૮ લાટના રાષ્ટ્રકૂટો એ તેમની રાજધાની કયાં સ્થાપી હતી?
(અ) સિદ્ધપુર (બ) ગોંડલ
(ક) ખેડક (ખેડા) (ડ) વડોદરા

૯ શ્યામજી કૃષ્ણ વર્માનો જન્મ કયાં થયો હતો ?
(અ) ભૂજ (બ) માંડવી (કચ્છ)
(ક) અંજાર (ડ) ચોરવાડ

૧૦ સિદ્ધપુરના રૂદ્ર મહાલયના બાંધકામનો પ્રારંભ કોણે કર્યો હતો ?
(અ) મૂળરાજ સોલંકી (બ) સિદ્ધરાજ સોલંકી
(ક) મિનળદેવી (ડ) જયશિખરીએ

૧૧ સયાજી રાવ ગાયકવાડનું મૂળ નામ શું હતું ?
(અ) નારાયણ રાવ (બ) બિજોય રાવ
(ક) મોહન રાવ (ડ) ગોપાળ રાવ

૧૨ વીરધવલ વીસલદેવે કયો કિલ્લો બંધાવ્યો હતો ?
(અ) જેતલપુરનો (બ) વિરમગામનો
(ક) ડભોઈનો (ડ) પાવાગઢનો

૧૩ સરખેજના રોઝાનું કામ કોણે પૂરું કર્યું હતું ?
(અ) શાહજહાંએ (બ) જહાંગીરે
(ક) મહંમદ બેગડાએ (ડ) મહંમદ તઘલખે

૧૪ કયા મુઘલ બાદશાહે અમદાવાદની ટંકશાળમાંથી રાશિવાળા સિક્કા પડાવ્યા હતા ?
(અ) જહાંગીરે (બ) ઔરંગઝેબે
(ક) શાહ બહાદુરે (ડ) અકબરે

૧૫ સિદ્ધરાજ જયસિંહનો જન્મ કયાં થયો હતો ?
(અ) પાટણ (બ) સિદ્ધપુર
(ક) પાલનપુર (ડ) દાંતા

ખજાનો
અનિલ પટેલ

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ

- **૧૪ જુન : વિશ્વ રક્તદાતા દિવસ**
- ભારતીય ઉદ્યોગ જગતના સૌથી જૂના બિરલા પરિવારની ચોથી પેઢીના વારસ એવા કુમાર મંગલમ્ બિરલાનો જન્મ દિવસ (૧૯૬૭)
- વિયેતનામ સ્વતંત્ર રાષ્ટ્ર બન્યું (૧૯૪૯)
- ચીને પ્રથમ હાઈડ્રોજન બોમ્બનું પરિક્ષણ કર્યું. (૧૯૬૯)
- **૧૫ જુન :**
- સ્વાતંત્ર સંગ્રામના સેનાની એવા અબ્યાસ તૈયબજીનું નિધન (૧૯૩૯)
- જાપાનના સાનરિકુ ટાપુ પર આવેલા સુનામીમાં ૨૨ હજાર લોકોના મોત થયાં હતાં (૧૮૯૬)
- કોલકાત્તા સ્કોટ એક્સેચેન્જની શરુઆત થઈ (૧૯૦૮)
- સ્ટીલ મેગ્નેટ લક્ષ્મી મિત્તલનો જન્મ (૧૯૫૦)
- **૧૬ જુન :**
- ભારતની આઝાદી માટે ફના રાષ્ટ્રભક્ત બાબુ ચિત્તરંજનદાસનો જન્મદિવસ (૧૯૨૫)
- કવિ સંતકબીજીનું નિધન (૧૫૧૮)
- વેલેન્ટીના તેરસ્કો અંતરીક્ષમાં જનાર પ્રથમ મહિલા બન્યા (૧૯૮૩)
- હેમંતકુમાર મુખરજીની જન્મજયંતિ (૧૯૨૨)
- **૧૭ જુન :**
- બંગાળના રાજકીય અને કેવળણીના તખ્તા પર અજોડ સ્થાન મેળવનાર સર પ્રફુલચંદ્ર રેનું નિધન (૧૯૪૪)
- ચીને પરમાણું પરીક્ષણ કર્યું (૧૯૬૭)
- ગાંધીજીએ સાબરમતી આશ્રમમાં હૃદયકુંજને નિવાસસ્થાન બનાવ્યું (૧૯૧૭)
- શિકાગોમાં દુનિયાનું પ્રથમ કીડની પ્રત્યારોપણ કરવામાં આવ્યું (૧૯૫૦)
- **૧૮ જુન :**
- ઝાંસીની રાણી લક્ષ્મીબાઈનું નિધન (૧૯૫૮)
- રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પાંચમા સરસંઘ ચાલક કે.એસ. સુદર્શનનો જન્મ (૧૯૩૧)
- વોલિંગ્ટન અને બ્લેચરે વોટર લૂના યુદ્ધમાં નેપોલિયનને હરાવ્યો (૧૮૧૫)
- **૧૯ જુન :**
- યુરોપના મહાન ગણિતજ્ઞ અને વૈજ્ઞાનિક બ્લાઈસ પાસ્કલનો જન્મદિવસ (૧૯૨૩)
- અમેરિકન સંસદે દાસ પ્રથા પર પ્રતિબંધ મૂક્યો (૧૮૬૨)
- રંગભૂમિના જાણીતા અભિનેતા - દિગ્દર્શિત લેખક અને કલાકાર એવા. પી. ખરસાણીનો જન્મદિવસ (૧૯૨૬)
- રાજકીય પક્ષ શિવસેનાની રચના થઈ (૧૯૬૬)
- **૨૦ જુન :**
- ભારતના જાણીતા ઉદ્યોગપતિ લક્ષ્મણ રાવ કિર્લોસ્કરનો જન્મદિવસ (૧૮૬૯)
- સાહિત્યકાર હીરાલાલ ત્રિભોવનદાસ પારેખનું નિધન (૧૯૩૮)
- પક્ષીવિદ્ સલીમ અલીની પુણ્યતિથિ (૧૯૮૭)
- ભારતીય નવલકથાકાર વિક્રમ શેઠનો જન્મદિવસ (૧૯૫૨)

ગત સપ્તાહના સવાલનો જવાબ

'અમૂલ' ને એક બ્રાન્ડ તરીકે વિશ્વ વિખ્યાત કરનાર પૂર્વ ચેરમેનનું નામ શું છે ? જવાબ : વર્ગીસ કુરિયન

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) મહેશ એમ. જાદવ : ગૂ. વિદ્યાપીઠ (૨) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪ (૩) નટુભાઈ દરજી : પેથાપુર (૪) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી (૫) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૬) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૭) રૂચિત એ. પટેલ : ઉવારસદ (૮) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

કચ્છમાં છેલ્લે ક્યારે ભયાનક વાવાઝોડું આવેલ જેમાં કંડલા પોર્ટને મોટું નુકશાન થયું હતું અને મોટી જાનહાની થઈ હતી ?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

ધાર્યું ધણીનું જ થાય છે

હળવે હૈયે
પ્રકાશ લાલા

સંસદની ચૂંટણી - ૨૦૧૯નાં પરિણામો અંગે 'ઓપિનિયન પોલ્સ'નાં બધાં તારણો સાવ જ ખોટાં પડે એવી જોરદાર પ્રાર્થના સપા, બસપા, કોંગ્રેસ, આપ, ટીએમસી પાર્ટીઓએ ગઠબંધન દળોએ કરી જ હશે, બધા, એવી જ પ્રાર્થના હાલ અમારા સહિત બધા કહી રહ્યા છે કે આ વર્ષમાં ચોમાસા વિશે હવામાનખાતાએ અને જયોતિષિઓએ જે આગાહીઓ કરી છે કે 'ચોમાડું મોડું છે' 'ચોમાસું નબલળું છે' એ ધરાર ખોટી પડે ! વગર વરસાદે, અત્યારે આંકરાં ઉનાળામાં ગરમી-તાપ, બાફ, ઉકળાટથી પરસેવે નવાઈ લેતા સૌ કોઈ ઈચ્છે છે હવામાન ખાતાનો વર્તારો સાવ ખોટો પડે ને કે હવે ચોમાસું આવી જાય - વરસાદ પડે, સતત પડતો રહે ને ધોધમાર પડે... પણ ભાઈ, આમાં આપણું કશું ચાલતું નથી... હા, પ્રાર્થનાઓ, યજ્ઞો કરી મેઘરાજાને રીઝવવાના પ્રયત્નો કરી શકાય. બાકી 'ધાર્યું તો ધણી' નું જ થાય છે ને !

આ 'ધાર્યું ધણી'નું જ થાય છે એમ કહ્યું એટલે અમને એક કિસ્સો યાદ આવી ગયો. એક વાર એક ભાઈ રડસમ ચહેરે આવીને કહે, 'મારાં દાદીએ વાત વાતમાં બોલતાં કે ધાર્યું ધણીનું થાય છે પણ પરણ્યા પછઈ ખબર પડી કે મારા ઘરમાં તો ધાર્યું ધણિયાણી કહેતાં મારી વાઈફનું જ થાય છે... એટલે આ ધાર્યું ધણીનું થાય તે કહેવત સદંતર ખોટી છે...'

અમે એમને ધરપત આપી કે 'ધણી એટલે માલિક... તમારા ઘરનું રાજ તમે ઘરની રાણીને સોંપ્યું હોય પછી એ માલિક થઈ કહેવાય ને ? એટલે એનું જ ચાલે એમા શોક ના કરવો...' ને પછી ઉમેર્યું કે 'શોક કરો તોય કંઈ વળશે નહીં માટે ચૂપ રહેવું ને 'ધણિયાણી'માં 'ધણી' કહેતાં આપણે આવીએ જ છીએ એનો આનંદ લેવો...'

'દિલ કો બહેલાને કે લિયે, યે ખયાલ અચ્છા હૈ ગાલિબ.'અને આમ જોવા જઈએ તો જીવનમાં ખુશ રહેવા આવી 'પોઝિટિવટી' ને આવા 'દિલને બહેલાવનારા ખ્યાલ'નું અવલંબન અનિવાર્ય બની રહે છે.

એક ભાઈને કોઈએ પ્રશ્ન પૂછ્યો : 'તમે ટી.વી. જુઓ છો?'
પેલા ભાઈએ કહ્યું : 'હા... જોઉં છું ને!'
'શું જુઓ છો ?'
'પત્ની જોવા દે તે...'
એમણે ખૂબ જ શાંતિથી - આનંદથી ઉત્તર આપ્યો...
'એટલે ?' પ્રશ્નકર્તા ભાઈને કંઈ સમજાયું નહીં એટલે પાછું પૂછ્યું...

'ઘરમાં ટી.વી. એક જ છે. ઘરનું ને ટી.વી.નું રીમોટ પહેલેથી જ ઘરવાળીના હાથમાં જ હોય છે એટલે એ જોવા દે તે જોઉં છું...' એમના જવાબમાં ફરિયાદ નહીં, પરંતુ જે કંઈ જોવા મળે છે તેનો આનંદ છતો થતો હતો... આવી હકારાત્મકતા જ એટલે ખુશ રાખતી હશે ને !

બે મિત્રો વચ્ચે આ 'હકારાત્મક અભિગમ' વિશે એકેડેમિક ચર્ચા ચાલતી હતી. એણે કહ્યું; 'ગાંધી બાપુ ભારે હકારાત્મક વલણ ધરાવતા હશે...'

'એમ શા ઉપરથી તું કહે છે ?' બીજાએ એ એડવોકેટ નહોતો તોય પોતાના મિત્રનું ક્રોસ એકઝામિનેશન કર્યું...

'એટલા માટે કે બાપુએ કહ્યું છે કે કોઈ તમને એક તમાચો મારે તો બીજો ગાલ ધરવો... આ બતાવે છે એણનું પોઝિટિવ એટિટયુડ...' પહેલાએ સમજાવ્યું.

'હા... વાત તો સાચી છે તારી. બાપુ દૃઢપણે માનતા હશે કે બીજો ગાલ ધરવાથી, તમાચો મારનાર શરમિંદો બની, માફી માગી લેશે.... એને પસ્તાતવો થશે...' પહેલા એને કહ્યું ને પછી પ્રશ્ન કર્યો : 'પણ અલ્યા, ગાંધી બાપુ માનતા હતા એમ ન થયું ને પેલો બીજા ધરેલા ગાલ ઉપર પણ તમાચો મારી દે તો ? આવી હકારાત્મકતા ક્યાં સુધી રાખવી?'

'બસ બીજા ગાલ સુધી જ...'

'મતલબ ?'

'ગાંધી બાપુએ આગળ વિશે કશું કહ્યું નથી એટલે પછી તમાચો મારનારને પહેલા ગાલનો નંબર આવે ને ! ત્યાં આપણે એને તમાચો ચોડી દેવાનો...'

'હેં ? પછી ?'

'પછી જો એ બાપુના હકારાત્મક વિધાન જાણતો હતો તો એ એનો બીજો ગાલ ધરશે... ને નહીં તો...'

'નહીં તો શું ?'

'હકારાત્મકતા - પોઝિટિવ એટિટયુડનું ધી એન્ડ અને દે ધનાધન... ફરી આપણા પહેલા ગાલ ઉપર એના પંજાની છાપ અંકિત થવાની !!'

આમ સંતો - મહંતો - મોટિવેશનલ સ્પીકર્સ, ચિંતકો દ્વારા 'બી પોઝીટીવ' ને 'જીવનમાં હકારાત્મકતા જ રાખવી' એવી જે 'સોનેરી સલાહો' અપાય છે તે સારી છે - સાંભળવામાં સારી લાગતી હોય છે. પણ વ્યવહારમાં એ કેટલું શક્ય છે એ તો પરિસ્થિતિ ઊભી થાય ત્યારે જ ખબર પડે... બાકી તો, 'ધાર્યું ધણી'નું જ થવાનું ને !!